# માતા-પુત્ર, પતિ-પત્ની સાથે જુગાર રમવા બેસી ગયાં

**પાલનપુર** જકાતનાકાના ક્રિષ્ણા રો-હાઉસમાં ચાલતા જુગારધામમાં ત્રણ મહિલા સહિત 14 ઝડપાયાં

સુરતઃ રાંદેર, પાલનપુર જકાતનાકા ખાતે આવેલા ક્રિષ્ણા રો-હાઉસના મકાન નંબર-૨૦ માં કેટલાક ઈસમો ભેગા મળી ગંજીપાના વડે રૂપિયા-પૈસાની હારજીતનો જુગાર રમી રહ્યા હોવાની બાતમીના આધારે રાંદેર પોલીસે દરોડો પાડી જુગાર રમતી ૩ મહિલાઓ સહિત ૧૪ જુગારીને રંગેહાથ ઝડપી પાડ્યા હતા. પોલીસે અંગઝડતીમાંથી રૂ.૬૨,૯૦૦ની રોકડ, રૂ.૧,૨૨,૦૦૦ની કિંમતના ૮ મોબાઈલ ફોન સહિત કુલ રૂ.૧,૮૪,૯૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. રાંદેર પોલીસે તમામ આરોપીઓ વિરૂદ્ધ જુગાર ધારા કલમ-૪,૫ હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

### પકડાયેલાં જુગારીઓ

સપનાબેન વિજયભાઈ પરમાર, સની ગોપાલભાઈ ચીખલીયા (ઉં.વ.૨૫, મજૂરીકામ), વિવેકભાઈ વિજયભાઈ પરમાર (ઉં.વ.૨૨, ડ્રાઈવર), વિશાલભાઈ વિજયભાઈ પરમાર (ઉં.વ.૧૯) (ચારેય રહે, ક્રિષ્ના પાર્ક સોસા., પાલનપુર જકાતનાકા, રાંદેર), હમજુ તે સુરેશભાઈ ચંદુભાઈ દેવીપુજકની પત્ની (ઉં.વ.૩૫), રોહિતભાઈ દિપીપભાઈ દેવીપૂજક (ઉં.વ.૨૩, ધંધો-છૂટક મજૂરી), ધર્મેશભાઈ સંજયભાઈ દેવીપૂજક (ઉં.વ.૨૫, રિક્ષા ડ્રાઈવર), જોની જંબુભાઈ રાઠોડ (ઉં.વ.૩૨, રિક્ષા ડ્રાઈવર) (ચારેય રહે, શારદાનગર-૨, મોરાભાગળ, રાદેર), પૂજાબેન તે રાજભાઈ નાગરાજભાઈ મણીયારની પત્ની (ઉં.વ.૩૫), રાજુભાઈ નાગરાજ મણીયાર (ઉં.વ.૪૦, રિક્ષા ડ્રાઈવર)(બંને રહે., કામદાર આવાસ ઉગત કેનાલ રોડ રાંદેર), ભાવેશકુમાર રમેશભાઈ પટેલ (ઉં.વ.૪૦, ડ્રાઈવર રહે., માધવ પ્લેટીના, જહાંગીરપુરા), જીજ્ઞેશભાઈ જયંતીભાઈ પટેલ (ઉં.વ.૩૪, ડ્રાઈવર, રહે., ગોયલાવાડ, મોરાભાગળ, રાંદેર), ભાવેશભાઈ ગોપાલભાઈ શહાની (ઉં.વ.૨૧, પલ્બર, રહે., પ્રશાંતનગર વિભાગ-૨ રાંદેર)., રાજેશભાઈ બળદેવભાઈ દેવીપુજક (ઉં.વ.૩૨, મજૂરીકામ, રહે., સંસ્કાર કોલોની, તાડવાડી, રાંદેર)

# અમરોલીમાં વગર વરસાદે ગટરિયા પૂરથી પ્રજા ત્રસ્ત

**ગૃહમ** ચાર રસ્તા પાસે ગટરના ગંદા પાણીનો ભરાવો, રોગચાળાની દહેશત



સુરતઃ સ્માર્ટ સિટી સુરતમાં ચોમાસા બાદ પણ રસ્તાઓ પર ગંદકી અને ગટરિયા પૂરથી નાગરિકોની હાલાકી યથાવત જોવા મળી રહી છે. અમરોલી વિસ્તારમાં ગૃહમ ચાર રસ્તા પાસે રસ્તાની વચ્ચોવચ્ચ ગટરનું પાણી ઉભરાઈ આવતા વાહનચાલકો અને રાહદારીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. છેલ્લા કેટલાક સમયથી સર્જાયેલી આ સમસ્યા અંગે સ્થાનિકો દ્વારા રજૂઆત કરવામાં આવી હોવા છતાં તંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી કરવામાં ન આવતી હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

અમરોલી ખાતે જ્યાં ગટરનું ગંદુ પાણી રસ્તા પર ફેલાઈ રહ્યું છે તેની નજીકમાં જ પેટ્રોલ પંપ આવેલો હોવાથી દિવસ દરમિયાન અહીંથી પસાર થતાં સેંકડો વાહનચાલકોને ગંદા પાણીમાંથી વાહન હંકારવાની ફરજ પડી રહી છે.

બીજી તરફ રસ્તા પરથી પસાર થતાં રાહદારીઓ માટે પણ આ ગટરિયા પૂર માથાનો દુખાવો બની ગયું છે. રસ્તા પર લાંબા સમયથી ગટરનું પાણી ભરાયેલું રહેવાના કારણે આસપાસના વિસ્તારમાં દુર્ગંધનું સામ્રાજ્ય ફેલાયું છે. પાણીના સતત ભરાવાથી મચ્છર અને અન્ય જીવાતોના ઉપદ્રવ સાથે રોગચાળો ફાટી નીકળવાની દહેશત પણ સ્થાનિકોમાં જોવા મળી રહી છે. શહેરના વિવિધ વિસ્તારોમાં ગંદકી અને કચરાની સમસ્યાને લઈને તંત્ર સામે સવાલો ઊઠી રહ્યા છે ત્યારે અમરોલીની આ સ્થિતિએ પણ મનપાની કામગીરી સામે પ્રશ્નાર્થ સર્જ્યો છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, વારંવાર રજૂઆત કરવા છતાં ગટરિયા પૂરનો કાયમી ઉકેલ લાવવામાં આવતો નથી.

# UPI પર 0.4 ટકા MBR મુદ્દે CAITની મર્યાદા વધારી રૂ.10 હજાર કરવાની માંગ

સુરતઃ કોન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ (CAIT) ના ગુજરાત ચેરમેન પ્રમોદ ભગતે UPI વ્યવહારોને લગતી મર્યાદા અને પ્રસ્તાવિત 0.4 ટકા MBRના મુદ્દે કેન્દ્રીય નાણાંમંત્રી તથા નાણાં સચિવને પત્ર પાઠવી વેપારીઓ અને ગ્રાહકોના હિતમાં મર્યાદામાં વધારો કરવાની માંગ કરી છે. આ મુદ્દે ટૂંક સમયમાં CAITનું પ્રતિનિધિમંડળ સરકાર સમક્ષ રૂબરૂ રજૂઆત પણ કરશે. પ્રમોદ ભગતે જણાવ્યું કે, 15 ઓક્ટોબરથી UPI વ્યવહારો પર 0.4 ટકા MBR લાગુ કરવાની ચર્ચા વચ્ચે સરકાર દ્વારા લેવાતો કોઈપણ નિર્ણય માત્ર એક પક્ષને ધ્યાનમાં રાખીને નહીં, પરંતુ સામાન્ય ગ્રાહકો, નાના વેપારીઓ અને દેશના હિતને ધ્યાનમાં રાખીને લેવાવો જોઈએ. તેમણે સરકાર સમક્ષ રજૂઆત કરી છે કે, હાલની રૂ.2,000ની મર્યાદા વધારીને રૂ.10,000 કરવામાં આવે. તેવી જ રીતે માસિક રૂ.1 લાખની મર્યાદા વધારીને રૂ.10 લાખ કરવામાં આવે.

# ચપ્પુના ઘા ઝીંકી પત્નીની હત્યા કરનાર પતિને આજીવન કેદ

**આડા સંબંધના** ઝઘડામાં હત્યા કરી જાતે જ 100 પર ફોન કરી જાણ કરી હતી

સુરતઃ પાંડેસરા પોલીસ સ્ટેશનમાં વર્ષ 2019માં નોંધાયેલા પત્નીની હત્યાના કેસમાં આરોપી પતિને અધિક સેશન્સ કોર્ટના ન્યાયાધીશ પ્રકાશ ખૂબચંદ ખાનચંદાણીએ આજીવન કેદની સજા ફટકારી હતી. આ કેસની હકીકત મુજબ તા.15 માર્ચ, 2019ની રાત્રે ભેસ્તાનના ગોલ્ડન આવાસ ખાતે આરોપી પતિ શકીલ ઉર્ફે કાલુ સુપડુ મલેક અને તેની પત્ની સાઈનબી વચ્ચે પરપુરુષ સાથે આડાસંબંધમાં ઝઘડો થયો હતો. આરોપીએ પત્ની પર શાકભાજી કાપવાના ચપ્પુથી તેર જેટલા ઘા કર્યા હતા. સારવાર માટે હોસ્પિટલ ખસેડાય તે પહેલાં જ તેનું મોત થયું હતું. કોર્ટ સમક્ષ આરોપીના ફોન પરથી 100 નંબર પર ફોન કરીને પત્નીનું બીજા સાથે અફેર હોય હત્યા કરી હોવાનો ફોન કોલ, ઘટનાસ્થળેથી આરોપીની હાજરી, તેના કપડાં તથા શરીર પર મળેલા લોહીના પુરાવા અને એફએસએલ સહિતના પુરાવા ફરિયાદ પક્ષે રજી કરવામાં આવ્યા હતા. સરકાર પક્ષે એપીપી અરવિંદ વસોયા કેસ પુરવાર કરવામાં સફળ થયાં હતાં. સજાના તબક્કે બચાવપક્ષે આરોપીની ગરીબ પરિસ્થિતિ અને બાળકોનો ઉલ્લેખ કરી ઓછી સજાની માંગ કરી હતી. જોકે કોર્ટે હત્યાની ગંભીરતા ધ્યાને લઈ આરોપીને આજીવન કેદની સજા અને દંડ ફટકાર્યો હતો.


**(ટૂંકી મુદતની જાહેર નિવિદા નં-૩ સને. ૨૦૨૬-૨૭)**

ગુજરાત રાજ્યના રાજ્યપાલ વતી ના.કા.ઇ. (મા×મ) પેટા-વિભાગ માંડવી દ્વારા રહેણાંક/બિન રહેણાંક મકાનોના કામો માટે ઇ ૧ તથા તેની ઉપરની કક્ષાના નોંધણી ધરાવનાર માન્ય ઇજારદારો પાસેથી અત્રેની કચેરીના ૫ લાખ સુધીના ૫ કામો માટે સીલ બંધ ટેન્ડરો રજી.પોસ્ટ એ.ડી. અથવા સ્પીડ પોસ્ટ થી મંગાવવામાં આવે છે. કોરા ટેન્ડર આપવાની તારીખઃ ૨૮/૦૯/૨૦૨૬ અને પરત મેળવવાની તારીખઃ ૦૫/૧૦/૨૦૨૬ સુધી છે. આ કામોની વિગતવાર નોટિસ કચેરીના નોટિસ બોર્ડ પર મૂકવામાં આવેલ છે. આ નોટિસ અંગેની વધુ માહિતી માટે કચેરીના જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઇજારદારે રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.

નાયબ કાર્યપાલક ઇજનેર
માંડવી (મા×મ) પેટા વિભાગ,
માંડવી

ક્રમાંકઃ માહિતી-સુરત/૬૪૭/૨૦૨૬


# અમરોલીમાં ગણપતિ વિસર્જન બાદ તલવારથી હુમલો

**રિક્ષા-મોપેડમાં** આવેલા ચાર ઝનૂનીએ હુમલો કર્યો

સુરતઃ અમરોલી સ્થિત ગુજરાત હાઉસિંગ બોર્ડ વિસ્તારમાં ગણપતિ વિસર્જન બાદ જૂની અદાવતમાં ચાર હુમલાખોરોએ તલવાર અને ધારદાર ચપ્પુ જેવા જીવલેણ હથિયારો વડે હુમલો કરી દીધો હતો. મિત્રને બચાવવા વચ્ચે પડેલા યુવકના મોં, માથા અને ગળાના ભાગે તલવારના ઘા ઝીંકી દેતાં સનસનાટી મચી ગઈ છે. કતારગામના વાળીનાથ ચોક પાસે રહેતો અને સાયણ ખાતે લૂમ્સના ખાતામાં મજૂરીકામ કરતો ૨૬ વર્ષીય સાગર કેશવ ભીસીકર ગત તા. ૨૦મીના રોજ ગણપતિ વિસર્જન પૂર્ણ થયા બાદ રાત્રે સાગર, અભિરાજસિંહ અને તેમનો અન્ય મિત્ર હરનીલ ઉર્ફે હની હિરેનભાઈ રાજપૂત ગુજરાત હાઉસિંગ બોર્ડ ખાતે આવેલી સરકારી શાળાના ગેટ પાસે બેઠા હતા. તે સમયે અગાઉની અદાવત રાખી ઓટોરિક્ષા અને મોપેડ પર સાહિદ ઉર્ફે ચોકો, ગણપત અને રોહન જાટકે પોતાના સાગરીતો સાથે ધસી આવ્યા હતા. હુમલાખોરોએ આજે આ લોકોને પતાવી જ દેવાના છે, તેવી બૂમો પાડી રિક્ષામાંથી તલવાર અને ધારદાર ચપ્પુ કાઢી હરનીલ પર હુમલો કરવા દોડ્યા હતા. સાગરે મિત્ર હરનીલને બચાવવા વચ્ચે પડતાં જ સાહિદ ઉર્ફે ચોકોએ તલવાર વડે સીધો સાગરના મોં પર વાર કર્યો હતો, જેના કારણે તેને માથા, ગાલ અને ગળાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી.

# ‘તું અને દીકરી વચ્ચે આવશે તો મારી નાંખીશ’

**પરસ્ત્રીના** પ્રેમમાં અંધ બનેલા શિક્ષા ટીવી ચેનલના સંચાલકે પત્નીને ધમકી આપી

સુરતઃ સરથાણામાં ‘શિક્ષા ટીવી’ નામની ચેનલ ચલાવતા પતિએ પરસ્ત્રીના સંબંધમાં પત્ની અને માસૂમ દીકરીને દવા પીવડાવી મારી નાંખવાની ધમકી આપી હોવાની ઘટના સામે આવી છે.

બોટાદના ગઢડાના નાના ઝીઝાવદર ગામના વતની ભવાનભાઈ વસાણીની ૩૫ વર્ષીય પુત્રીના લગ્ન ૨૦૧૫માં કઠોદરા ગઢપુર ટાઉનશીપ ખાતે રહેતા જતીન રસીકભાઈ મોરડીયા સાથે થયા હતા. પહેલાં હીરામજૂરી કરતાં અને બાદમાં ‘શિક્ષા ટીવી’ ચેનલ શરૂ કરનાર પતિ જતીનના લગ્નના બે જ વર્ષમાં ૨૦૧૭માં ‘ક્રિષ્ના’ નામની યુવતી સાથે અફેર પકડાયું હતું. સંસાર ભાંગી ન પડે તે માટે પત્નીએ ઉદાર દિલ રાખી પતિને માફ કર્યો હતો. વર્ષ ૨૦૨૦માં તેમના ઘરે દીકરી ‘શિક્ષા’નો જન્મ થયો હતો. તેણે ફરી ક્રિષ્ના સાથે સંબંધો ચાલુ રાખ્યા હતા જ્યારે પત્નીએ આ આડા સંબંધોનો વિરોધ કર્યો, ત્યારે પતિ જતીને ધમકી આપી હતી કે, ‘મારી અને ક્રિષ્ના વચ્ચે તું અને શિક્ષા આવો છો, જો હવે વચ્ચે આવશો તો તમને બંનેને દવા પીવડાવી મારી નાંખીશ.’ આટલું ઓછું હોય તેમ, પતિના મોબાઈલમાંથી પ્રેમિકા ક્રિષ્નાએ પોતે ફોન કરીને પરણિતા સાથે ઝઘડો કરી માનસિક ટોર્ચર કર્યું હતું.

બીજી તરફ દહેજભૂખી નણંદ અંકિતાએ પણ ‘તું તારા પપ્પાના ઘરેથી કંઈ લાવ્યા નથી, અમારે તને નથી જોઈતી’ કહીને મેણાં-ટોણાં મારી શારીરિક-માનસિક ત્રાસ આપ્યો હતો. પિયરમાં રહેતી પરિણીતા લસકાણા પોલીસ સ્ટેશન પહોંચી પતિ જતીન મોરડીયા, પ્રેમિકા ક્રિષ્ના અને નણંદ અંકિતા સામે કાયદેસરની ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# પાંડેસરામાં કચરો નાંખવા બાબતે પડોશીનો પિતા-પુત્ર પર ચપ્પુ વડે હુમલો


સુરતઃ પાંડેસરા સ્થિત વડોદ વિસ્તારમાં આવેલી ચાલીમાં કચરો નીચે ફેંકવા જેવી ક્ષુલ્લક બાબતે પડોશી અને તેના મિત્રે ઉશ્કેરાઈને પિતા અને તેમના બે પુત્રો પર જાનલેવા હુમલો કરી દીધો હતો. ગત રાત્રે મૂળ બિહારના ઔરંગાબાદના ઈટવા નુનીયા વિગાહગામના વતની અને હાલ પાંડેસરા જી.આઈ.ડી.સી.ની નોવાશીટ કંપનીમાં મજૂરીકામ કરતાં ૪૭ વર્ષીય શંકરરામ રામગતીરામ ચમાર પોતાના બે પુત્ર રંજીતકુમાર અને ધર્મજીતકુમાર સાથે બાપુનગર, કૈલાશ સિનેમાની બાજુમાં ગણેશભાઈની રૂમમાં હતા. તે સમયે તેમની બાજુમાં રહેતો શિવમ વિજય પ્રકાશ દુબે અને તેનો મિત્ર દીપક ઉર્ફે છોટુ ત્યાં આવી પહોંચ્યા હતા અને ‘તમે રૂમની નીચે કચરો કેમ ફેંકો છો?’ તેમ કહી અચાનક બોલાચાલી અને ઝઘડો કરવા લાગ્યા હતા. શંકરરામે મકાન માલિકોને સમજાવવા જણાવતાં જ શિવમ દુબે અને દીપક ઉર્ફે છોટુ એકસંપ થઈ ઉશ્કેરાઈ ગયા હતા અને ગાળો આપી છૂટા હાથની મારામારી કરવા લાગ્યા હતા. ઝઘડા દરમિયાન શિવમ દુબેએ પોતાના પેન્ટના ખિસ્સામાંથી ચપ્પુ કાઢી શંકરરામના જમણા હાથે ઘા ઝીંકી દીધો હતો. પિતાને બચાવવા માટે બંને પુત્ર રંજીત અને ધર્મજીત વચ્ચે પડતાં, શિવમે રંજીતના ડાબા હાથ નીચે છાતીના ભાગે ચપ્પુનો જીવલેણ ઘા મારી દીધો હતો. જ્યારે દીપક ઉર્ફે છોટુએ ધર્મજીતને લાકડાના ફટકા મારી ઈજા પહોંચાડી હતી. ઈજાગ્રસ્ત ત્રણેય પિતા-પુત્રોને સિવિલ હોસ્પિટલ લાવવામાં આવ્યા હતા.

હાલમાં રંજીતની હાલત ગંભીર હોવાથી તેનું ઓપરેશન ચાલુ છે, જ્યારે પિતા અને બીજા પુત્રની સારવાર ચાલી રહી છે. પાંડેસરા પોલીસે શિવમ દુબે અને દીપક ઉર્ફે છોટુ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### સુડોકુ ૬૬૩૫ ‘ક્રૂર’

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | | | ૬ | ૭ | | ૫ | | |
| ૨ | | ૩ | | | ૫ | ૭ | | |
| | ૫ | ૭ | ૨ | ૮ | | | | ૧ |
| ૪ | ૬ | ૫ | | ૩ | | | ૭ | |
| | | | ૫ | | | | ૯ | |
| | ૩ | ૧ | | | | ૬ | ૪ | ૫ |
| | ૪ | | | ૯ | | ૨ | ૫ | ૭ |
| | ૭ | | | ૫ | | | | |
| | | ૯ | | | | ૩ | ૧ | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



### દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ

**ઈંદ્રિયની નબળાઈ**

પીપળાના ફળ, મૂળની છાલ, કુમળા પાન, અગ્ર કલિકા સરખા ભાગે લઈ સૂકવી, વાટી ચૂર્ણ કરવું. રોજ સવાર અને સાંજે, 5 ગ્રામ ચૂર્ણ સાકર, મધ અને દૂધ સાથે લેવું.

### આજનું પંચાંગ

**તા. 23/09/2026, બુધવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** ભાદરવો
**તિથિ:** સુદ: બારસ: 22:51, વામન જયંતી
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** શરદ
**રાષ્ટ્રિય દિનાંક :** આસો: 01
**યોગ :** સુકર્મા **કરણ:** બવ
**નક્ષત્ર :** શ્રાવણ: 9.09 પછી ધનિષ્ઠા
**રાશિ:** મકર (ખ.જ.) 21:57 પછી કુંભ (ગ,સ,શ,ષ)
**દિવસ :** શુભ - શ્રાવણ દ્વાદશી
**સુરતમાં સૂર્યોદય :** 06:29 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:33
**નવકારસી :** 07:17
**પારસી વર્ષ :** 1396 અરદીબેહેસ્ત માસનો 10મો રોજ
**મુસલમાન વર્ષ :** 1448, રબિઉલ આખર માસનો 11મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ
**રાત્રિનાં ચોઘડિયાં:** ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ
**રાહુ કાળ :** બપોરે: 12.00 થી 13.30 સુધી

### આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** વેપાર ધંધામાં હરીફોથી સાવધાન રહેવું. આર્થિક રીતે નવી યોજના બને. આવક વધારવાની તક મળે.

**વૃષભ (બ,વ,ઉ,):** બુદ્ધિ કૌશલ્ય અને હાજર જવાબીપણુ અટકેલા કામમા ગતિ લાવશે. વિદેશના કામમા કાયદાકીય મદદ મળે.

**મિથુન (ક,છ,ઘ,):** ઉધાર દેવા-દેવાનુ ટાળવુ. વેપાર-ધંધામાં નવી તક ઊભી થાય. પારિવારીક સમસ્યા સતાવે.

**કર્ક (ડ,હ,):** હાથ પરના કામ ધીરજપૂર્વક કરવો. સહકર્મીઓ પ્રતિકુળતા પેદા કરશે. અચાનક સફળતા મળે.

**સિંહ (મ,ટ,):** નોકરીમાં જવાબદારી વધે. વડીલોના પ્રશ્નો અને ખર્ચા વધે. હરીફોની હેરાનગતિ વધે.

**કન્યા (પ,ઠ,ણ,):** મોજ-શોખ પાછળ ખર્ચા વધે. પ્રવાસ થાય. તેમજ આવક વધારવાની યોજના પાર પડશે.

**તુલા (ર,ત,):** જમીન-મકાન ખરીદ વેચની યોજનામા પ્રગતિ થાય. નોકરીમા નવી તક મળે ઊભી થાય. આવક વધે.

**વૃશ્ચિક (ન,ય,):** મહેનત અને લગતનુ ફળ મળે. અટકેલા કામ કે પ્રોજેક્ટ આગળ વધે. આર્થિક પ્રગતિથી ઉત્સાહ વધે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** આવક વધે. નવા રોકાણ થાય. કુટુંબમા દોડધામ રહે. પારિવારીક સમસ્યાથી અશાંતિ વધશે.

**મકર (ખ,જ,):** શુભ સમાચાર મળે. પ્રવાસમા વિઘ્નો આવે. નોકરીમા જવાબદારી વધે. પડવા-વાગવાથી સાવધાન.

**કુંભ (ગ,સ,શ,ષ,):** ગુપ્તભય સતાવે. કોર્ટ, કચેરીમ) મદદ મળે. લેવા-દેવામાં ધ્યાન રાખવું. ધાર્મિક પ્રવાસ થાય.

**મીન (દ,ચ,ઝ,થ,):** ઉચ્ચ કક્ષાના મિત્રોનો સાત મળવાથી અચાનક અટકેલા કામ પાર પડે. નવા રોકાણ સરળ બને.

### કોઈ પણ સાલમાં 23 સપ્ટેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું ચડપી -પડતીવાળુ રહેશે. નોકરીમાં બદલી નવા ફેરફાર હરિફો અને કાર્ય યોજનાનો સામનો વધશે. આર્થિક બાબતે સામાન્ય રહે. વેપાર-ધંધામા સામાન્ય રહે. ઉઘરાણીની ચિંતા સતાવે. આરોગ્ય નરમ રહે. સમાજમાં સામાન્ય રહે. ઉંમરલાયકના વિવાહ થાય.. પ્રેમ વિવાહમા વિઘ્નો આવે. સરકારી કામ, કોર્ટ, કચેરીમા ચડતી પડતી રહે. સંતાનોના અભ્યાસ કેરીયરમા પ્રગતિ થાય. મિત્રો-વડીલોની મદદ આવક વધારવાની યોજનામા મળે. વારસા, જાયદાદ, જમીન જેવા કામ પાર પડશે. આધુનિક ટેકનોલોજી અને સરકારી નીતિ પ્રમાણે કામ કરવાથી નવુ શિખવા મળે.નવા ઘર, વાહન, મકાન વગેરેની યોજના પાર પડશે. વિદેશના કામ ધીમા પડે. વિદ્યાર્થીઓની મહેનત વધશે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. મે-જૂન ઓગસ્ટ, સપ્ટેમ્બર, બુધ, શુક્રવાર 5,14,23 તારીખે નવા કામ કરવા. લીલા રંગનો ઉપયોગ વધારવો. જૂન-જુલાઇ 7,16,25 તારીખે શનિવારે નવા કામ ટાળવો. કાળો અને લાલ રંગનો ઉપયોગ ઓછો કરવો. બુધવારના ઉપાય કરતા રહેવું


### જાહેર નોટિસ

અત્રેથી GGST ACT-૨૦૧૭ અને CGST ACT-૨૦૧૭ની કલમ ૧૩૦ તથા કલમ ૬૮(3) અન્વયે રાજ્ય વેરા અધિકારી (3), સુરત મોબાઇલ સ્કવોડ દ્વારા ડ્યુટી દરમિયાન તા.૦૮/૦૩/૨૦૨૬ ના રોજ વાહન નંબર GJ06VV7616 ની અટકાયત કરેલ જેમાં કુલ બે (૨) એમ્બ્રોઇડરી મશીન હતા. સદર માલ-સામાન કરચોરીના ઈરાદાથી વહન થઈ રહેલ હોય ડીમાન્ડ ઓર્ડર MOV-11 તા.૨૫/૦૩/૨૦૨૬ના રોજ પસાર કરવામાં આવેલ. વેપારીશ્રી/ટ્રાંસપોર્ટર દ્વારા કન્વેયન્સ ફાઇન ભરીને વાહન મુક્ત કરાવેલ છે. પરંતુ સદર માલ સામાન હાલમાં સોહમ પાર્કિંગ, કડોદરા, સુરત ખાતે છે. આ માલ GGST ACT-૨૦૧૭ અને CGST ACT-૨૦૧૭ની કલમ-૧૩૦ અન્વયે જપ્ત કરેલ છે. ઉક્ત વિગતેનો માલ જે કોઈપણ વ્યક્તિ/પેઢી/કંપનીનો હોય તેઓએ આ જાહેરાતના દિન-3માં માલની માલિકી અંગેના પુરાવા સાથે નીચે સહી કરનાર સમક્ષ હાજર થવા જણાવવામાં આવે છે. આ જાહેરાતના દિન-3માં ઉક્ત માલનો જો કોઈ હક દાવો કરવામાં નહીં આવે તો, GGST ACT-૨૦૧૭ અને CGST ACT-૨૦૧૭ ની કલમ ૧૩૦ હેઠળ જાહેર હરાજીની આગળની કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવામાં આવશે.

સ્થળઃ સુરત
તા. ૨૩/૦૯/૨૦૨૬

એન. વી. દેસાઇ
રાજ્ય વેરા અધિકારી (3),
સુરત મોબાઇલ સ્કવોડ,
અન્વેષણ, વિભાગ-૭, સુરત.

ક્રમાંક.માહિતી-સુરત/૬૪૪/૨૦૨૬

### જાહેર નોટિસ

અત્રેથી GGST ACT-૨૦૧૭ અને CGST ACT-૨૦૧૭ની કલમ ૧૩૦ તથા કલમ ૬૮(3) અન્વયે સુરત રેલવે સ્ટેશન (ટ્રેન નો. ૧૨૨૧૫) થી તા.૦૩/૦૮/૨૦૨૬ ના રોજ પાન મસાલા અને તંબાકુ માલની અટકાયત કરેલ. સદર માલ-સામાન કરચોરીના ઈરાદાથી વહન થઈ રહેલ હોય ડીમાન્ડ ઓર્ડર MOV-11 તા.૨૦/૮/૨૦૨૬ના રોજ પસાર કરવામાં આવેલ. સદર માલ સામાન હાલમાં સોહમ પાર્કિંગ, કડોદરા, સુરત ખાતે છે. આ માલ GGST ACT-૨૦૧૭ અને CGST ACT-૨૦૧૭ની કલમ-૧૩૦ અન્વયે જપ્ત કરેલ છે. આજ દિન સુધી કોઈ વ્યક્તિ/પેઢી/કંપનીએ માલની માલિકીનો દાવો કરેલ નથી. ઉક્ત વિગતેનો માલ જે કોઈપણ વ્યક્તિ/પેઢી/કંપનીનો હોય તેઓએ આ જાહેરાતના દિન-3માં માલની માલિકી અંગેના પુરાવા સાથે નીચે સહી કરનાર સમક્ષ હાજર થવા જણાવવામાં આવે છે. આ જાહેરાતના દિન-3માં ઉક્ત માલનો જો કોઈ હક દાવો કરવામાં નહીં આવે તો, GGST ACT-૨૦૧૭ અને CGST ACT-૨૦૧૭ ની કલમ ૧૩૦ હેઠળ જાહેર હરાજીની આગળની કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવામાં આવશે.

સ્થળઃ સુરત
તા. ૨૩/૦૯/૨૦૨૬

એન. વી. દેસાઇ
રાજ્ય વેરા અધિકારી (3),
સુરત મોબાઇલ સ્કવોડ,
અન્વેષણ, વિભાગ-૭, સુરત.

ક્રમાંક.માહિતી-સુરત/૬૪૫/૨૦૨૬

### જાહેર નોટિસ

અત્રેથી GGST ACT-૨૦૧૭ અને CGST ACT-૨૦૧૭ની કલમ ૧૩૦ તથા કલમ ૬૮(3) અન્વયે રાજ્ય વેરા અધિકારી (3), સુરત મોબાઇલ સ્કવોડ દ્વારા ડ્યુટી દરમિયાન તા.૧૭/૦૪/૨૦૨૬ ના રોજ વાહન નંબર MH04LQ7262 ની અટકાયત કરેલ જેમાં કાપડના તાકા અને વસ્ત્રો ભરેલ હતા. સદર માલ-સામાન કરચોરીના ઈરાદાથી વહન થઈ રહેલ હોય ડીમાન્ડ ઓર્ડર MOV-11 તા.૦૪/૦૫/૨૦૨૬ના રોજ પસાર કરવામાં આવેલ. સદર વાહન અને માલ હાલમાં સોહમ પાર્કિંગ, કડોદરા, સુરત ખાતે છે. આ માલ GGST ACT-૨૦૧૭ અને CGST ACT-૨૦૧૭ની કલમ-૧૩૦ અન્વયે જપ્ત કરેલ છે. જેમાંથી હાલમાં ફક્ત માલની હરાજી કરવાની થતી હોય ઉક્ત વિગતેનો માલ જે કોઈપણ વ્યક્તિ/પેઢી/કંપનીનો હોય તેઓએ આ જાહેરાતના દિન-3માં માલની માલિકી અંગેના પુરાવા સાથે નીચે સહી કરનાર સમક્ષ હાજર થવા જણાવવામાં આવે છે. આ જાહેરાતના દિન-3માં ઉક્ત માલનો જો કોઈ હક દાવો કરવામાં નહીં આવે તો, GGST ACT-૨૦૧૭ અને CGST ACT-૨૦૧૭ ની કલમ-૧૩૦ હેઠળ જાહેર હરાજીની આગળની કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવામાં આવશે.

સ્થળઃ સુરત
તા. ૨૩/૦૯/૨૦૨૬

એન. વી. દેસાઇ
રાજ્ય વેરા અધિકારી (3),
સુરત મોબાઇલ સ્કવોડ,
અન્વેષણ, વિભાગ-૭, સુરત.

ક્રમાંક.માહિતી-સુરત/૬૪૨/૨૦૨૬

### જાહેર નોટિસ

અત્રેથી GGST ACT-૨૦૧૭ અને CGST ACT-૨૦૧૭ની કલમ ૧૩૦ તથા કલમ ૬૮(3) અન્વયે રાજ્ય વેરા અધિકારી (3), સુરત મોબાઇલ સ્કવોડ દ્વારા ડ્યુટી દરમિયાન તા.૨૨/૦૫/૨૦૨૬ ના રોજ વાહન નંબર KA569170 ની અટકાયત કરેલ જેમાં PET BOTTLE SCRAP (HSN: 39159042) હતો. સદર માલ-સામાન કરચોરીના ઈરાદાથી વહન થઈ રહેલ હોય ડીમાન્ડ ઓર્ડર MOV-11 તા.૦૬/૦૬/૨૦૨૬ના રોજ પસાર કરવામાં આવેલ. વેપારીશ્રી/ટ્રાંસપોર્ટર દ્વારા કન્વેયન્સ ફાઇન ભરીને વાહન મુક્ત કરાવેલ છે. પરંતુ સદર માલ સામાન હાલમાં સોહમ પાર્કિંગ, કડોદરા, સુરત ખાતે જપ્ત કરેલ છે. આ માલ GGST ACT-૨૦૧૭ અને CGST ACT-૨૦૧૭ની કલમ-૧૩૦ અન્વયે જપ્ત કરેલ છે. ઉક્ત વિગતેનો માલ જે કોઈપણ વ્યક્તિ/પેઢી/કંપનીનો હોય તેઓએ આ જાહેરાતના દિન-3માં માલની માલિકી અંગેના પુરાવા સાથે નીચે સહી કરનાર સમક્ષ હાજર થવા જણાવવામાં આવે છે. આ જાહેરાતના દિન-3માં ઉક્ત માલનો જો કોઈ હક દાવો કરવામાં નહીં આવે તો, GGST ACT-૨૦૧૭ અને CGST ACT-૨૦૧૭ ની કલમ ૧૩૦ હેઠળ જાહેર હરાજીની આગળની કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવામાં આવશે.

સ્થળઃ સુરત
તા. ૨૩/૦૯/૨૦૨૬

એન. વી. દેસાઇ
રાજ્ય વેરા અધિકારી (3),
સુરત મોબાઇલ સ્કવોડ,
અન્વેષણ, વિભાગ-૭, સુરત.

ક્રમાંક.માહિતી-સુરત/૬૪૩/૨૦૨૬

### જાહેર નોટિસ

અત્રેથી GGST ACT-૨૦૧૭ અને CGST ACT-૨૦૧૭ની કલમ ૧૩૦ તથા કલમ ૬૮(3) અન્વયે રાજ્ય વેરા અધિકારી (3), સુરત મોબાઇલ સ્કવોડ દ્વારા ડ્યુટી દરમિયાન તા.૧૯/૦૫/૨૦૨૬ ના રોજ વાહન નંબર KA568557 ની અટકાયત કરેલ જેમાં PET BOTTLE SCRAP (HSN: 39159042) હતો. સદર માલ-સામાન કરચોરીના ઈરાદાથી વહન થઈ રહેલ હોય ડીમાન્ડ ઓર્ડર MOV-11 તા.૦૬/૦૬/૨૦૨૬ના રોજ પસાર કરવામાં આવેલ. વેપારીશ્રી/ટ્રાંસપોર્ટર દ્વારા કન્વેયન્સ ફાઇન ભરીને વાહન મુક્ત કરાવેલ છે. પરંતુ સદર માલ હાલમાં સોહમ પાર્કિંગ, કડોદરા, સુરત ખાતે છે. આ માલ GGST ACT-૨૦૧૭ અને CGST ACT-૨૦૧૭ની કલમ-૧૩૦ અન્વયે જપ્ત કરેલ છે. ઉક્ત વિગતેનો માલ જે કોઈપણ વ્યક્તિ/પેઢી/કંપનીનો હોય તેઓએ આ જાહેરાતના દિન-3માં માલની માલિકી અંગેના પુરાવા સાથે નીચે સહી કરનાર સમક્ષ હાજર થવા જણાવવામાં આવે છે. આ જાહેરાતના દિન-3માં ઉક્ત માલનો જો કોઈ હક દાવો કરવામાં નહી આવે તો, GGST ACT-૨૦૧૭ અને CGST ACT-૨૦૧૭ ની કલમ ૧૩૦ હેઠળ જાહેર હરાજીની આગળની કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવામાં આવશે.

સ્થળઃ સુરત
તા. ૨૩/૦૯/૨૦૨૬

એન. વી. દેસાઇ
રાજ્ય વેરા અધિકારી (3),
સુરત મોબાઇલ સ્કવોડ,
અન્વેષણ, વિભાગ-૭, સુરત.

ક્રમાંક.માહિતી-સુરત/૬૪૦/૨૦૨૬

### જાહેર નોટિસ

અત્રેથી GGST ACT-૨૦૧૭ અને CGST ACT-૨૦૧૭ની કલમ ૧૩૦ તથા કલમ ૬૮(3) અન્વયે રાજ્ય વેરા અધિકારી (3), સુરત મોબાઇલ સ્કવોડ દ્વારા ડ્યુટી દરમિયાન તા.૨૫/૧૨/૨૦૨૪ ના રોજ વાહન નંબર KA22AA3315 ની અટકાયત કરેલ જેમાં PET BOTTLE SCRAP (HSN: 39159042) હતો. સદર માલ-સામાન કરચોરીના ઈરાદાથી વહન થઈ રહેલ હોય ડીમાન્ડ ઓર્ડર MOV-11 પસાર કરવામાં આવેલ. વેપારીશ્રી/ટ્રાંસપોર્ટર દ્વારા કન્વેયન્સ ફાઇન ભરીને વાહન મુક્ત કરાવેલ છે. પરંતુ સદર માલ હાલમાં સોહમ પાર્કિંગ, કડોદરા, સુરત ખાતે જપ્ત કરેલ છે. આ માલ GGST ACT-૨૦૧૭ અને CGST ACT-૨૦૧૭ ની કલમ-૧૩૦ અન્વયે જપ્ત કરેલ છે. ઉક્ત વિગતેનો માલ જે કોઈપણ વ્યક્તિ/પેઢી/કંપનીનો હોય તેઓએ આ જાહેરાતના દિન-3માં માલની માલિકી અંગેના પુરાવા સાથે નીચે સહી કરનાર સમક્ષ હાજર થવા જણાવવામાં આવે છે. આ જાહેરાતના દિન-3માં ઉક્ત માલનો જો કોઈ હક-દાવો કરવામાં નહી આવે તો, GGST ACT-૨૦૧૭ અને CGST ACT-૨૦૧૭ ની કલમ ૧૩૦ હેઠળ જાહેર હરાજીની આગળની કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવામાં આવશે.

સ્થળઃ સુરત
તા. ૨૩/૦૯/૨૦૨૬

એન. વી. દેસાઇ
રાજ્ય વેરા અધિકારી (3),
સુરત મોબાઇલ સ્કવોડ,
અન્વેષણ, વિભાગ-૭, સુરત.

ક્રમાંક.માહિતી-સુરત/૬૪૧/૨૦૨૬

### જાહેર નોટિસ

અત્રેથી GGST ACT-૨૦૧૭ અને CGST ACT-૨૦૧૭ની કલમ ૧૩૦ તથા કલમ ૬૮(3) અન્વયે રાજ્ય વેરા અધિકારી (3), સુરત મોબાઇલ સ્કવોડ દ્વારા ડ્યુટી દરમિયાન તા.૨૦/૦૩/૨૦૨૬ ના રોજ વાહન નંબર AR20D2121 ની અટકાયત કરેલ જેમાં IMITATION JEWELLERY (HSN: 7117) માલ બિલ, ઈ-વે બિલ વગર વહન થતો હતો. સદર માલ-સામાન કરચોરીના ઈરાદાથી વહન થઈ રહેલ હોય ડીમાન્ડ ઓર્ડર MOV-11 પસાર કરવામાં આવેલ. વેપારીશ્રી/ટ્રાંસપોર્ટર દ્વારા કન્વેયન્સ ફાઇન ભરીને વાહન મુક્ત કરાવેલ છે. પરંતુ સદર માલ હાલમાં સોહમ પાર્કિંગ, કડોદરા, સુરત ખાતે જપ્ત કરેલ છે. આ માલ GGST ACT-૨૦૧૭ અને CGST ACT-૨૦૧૭ ની કલમ-૧૩૦ અન્વયે જપ્ત કરેલ છે. ઉક્ત વિગતેનો માલ જે કોઈપણ વ્યક્તિ/પેઢી/કંપનીનો હોય તેઓએ આ જાહેરાતના દિન-3માં માલની માલિકી અંગેના પુરાવા સાથે નીચે સહી કરનાર સમક્ષ હાજર થવા જણાવવામાં આવે છે. આ જાહેરાતના દિન-3માં ઉક્ત માલનો જો કોઈ હક-દાવો કરવામાં નહીં આવે તો, GGST ACT-૨૦૧૭ અને CGST ACT-૨૦૧૭ ની કલમ ૧૩૦ હેઠળ જાહેર હરાજીની આગળની કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવામાં આવશે.

સ્થળઃ સુરત
તા. ૨૩/૦૯/૨૦૨૬
ક્રમાંકઃ માહિતી-સુરત/૬૩૮/૨૦૨૬

એન. વી. દેસાઇ
રાજ્ય વેરા અધિકારી (3),
સુરત મોબાઇલ સ્કવોડ,
અન્વેષણ, વિભાગ-૭, સુરત.

### ડાયમંડ રિસર્ચ એન્ડ મર્કનાઈલ સિટી લિમિટેડ

ગુજરાત સરકારની માલિકીની કંપની
CIN: U75143GJ2015SGC083828
ડીસીએલ ઓફિસ બિલ્ડીંગ, બ્લોક નં. ૧૭૭, રે.સ.નં.૧૧૧/એ૧, મોજે-ખજોદ, તા. ચોર્યાસી, જી.સુરત-૩૯૫૦૦૭.
ટેન્ડર નોટીસ (ઓનલાઈન) નં.જીએમ(પી.&ડી.)/ડીસીએલ/૦૪/૨૦૨૬-૨૭

ડ્રીમ સિટી લિમિટેડ દ્વારા નીચે દર્શાવેલ કામ માટે માન્ય કોન્ટ્રાક્ટર/ એજન્સી/ કન્સલ્ટન્ટ પાસેથી https://smctender.nprocure.com પર ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

| ક્રમ | કામની વિગત | કામની સંખ્યા | અંદાજીત રકમ રૂા. લાખમાં |
|---|---|---|---|
| ૧ | ડ્રીમ સિટી વિસ્તારમાં સી.સી. રોડ ડેવલપ કરવાની કામગીરી માટે પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલ્ટન્સી સર્વિસ પૂરી પાડવાની કામગીરી (ત્રીજો પ્રયાસ). | ૦૧ | - |

વિગતવાર ટેન્ડર નોટીસ https://www.dreamcitysurat.in પર ઉપલબ્ધ છે.

નં. ડ્રીમસિટી/એડ./૦૪/૨૦૨૬-૨૭
તા. ૨૨/૦૯/૨૦૨૬

જનરલ મેનેજર (પી. એન્ડ ડી.)
ડાયમંડ રિસર્ચ એન્ડ મર્કનાઈલ સિટી લિમિટેડ

### જાહેર નોટિસ

અત્રેથી GGST ACT-૨૦૧૭ અને CGST ACT-૨૦૧૭ની કલમ ૧૩૦ તથા કલમ ૬૮(3) અન્વયે રાજ્ય વેરા અધિકારી (3), સુરત મોબાઇલ સ્કવોડ દ્વારા ડ્યુટી દરમિયાન તા.૦૮/૦૩/૨૦૨૬ ના રોજ વાહન નંબર GJ01CX6742 ની અટકાયત કરેલ જેમાં કુલ બે (૨) એમ્બ્રોઇડરી મશીન હતા. સદર માલ-સામાન કરચોરીના ઈરાદાથી વહન થઈ રહેલ હોય ડીમાન્ડ ઓર્ડર MOV-11 તા.૨૫/૦૩/૨૦૨૬ના રોજ પસાર કરવામાં આવેલ. વેપારીશ્રી/ટ્રાંસપોર્ટર દ્વારા કન્વેયન્સ ફાઇન ભરીને વાહન મુક્ત કરાવેલ છે. પરંતુ સદર માલ સામાન હાલમાં સોહમ પાર્કિંગ, કડોદરા, સુરત ખાતે છે. આ માલ GGST ACT-૨૦૧૭ અને CGST ACT-૨૦૧૭ની કલમ-૧૩૦ અન્વયે જપ્ત કરેલ છે. ઉક્ત વિગતેનો માલ જે કોઈપણ વ્યક્તિ/પેઢી/કંપનીનો હોય તેઓએ આ જાહેરાતના દિન-3માં માલની માલિકી અંગેના પુરાવા સાથે નીચે સહી કરનાર સમક્ષ હાજર થવા જણાવવામાં આવે છે. આ જાહેરાતના દિન-3માં ઉક્ત માલનો જો કોઈ હક દાવો કરવામાં નહીં આવે તો, GGST ACT-૨૦૧૭ અને CGST ACT-૨૦૧૭ ની કલમ ૧૩૦ હેઠળ જાહેર હરાજીની આગળની કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવામાં આવશે.

સ્થળઃ સુરત
તા. ૨૩/૦૯/૨૦૨૬
ક્રમાંકઃ માહિતી-સુરત/૬૩૯/૨૦૨૬

એન. વી. દેસાઇ
રાજ્ય વેરા અધિકારી (3),
સુરત મોબાઇલ સ્કવોડ,
અન્વેષણ, વિભાગ-૭, સુરત.

### જાહેર નોટિસ

અત્રેથી GGST ACT-૨૦૧૭ અને CGST ACT-૨૦૧૭ની કલમ ૧૩૦ તથા કલમ ૬૮(3) અન્વયે રાજ્ય વેરા અધિકારી (3), સુરત મોબાઇલ સ્કવોડ દ્વારા ડ્યુટી દરમિયાન તા.૨૦/૦૩/૨૦૨૬ ના રોજ વાહન નંબર MH01FE3344 ની અટકાયત કરેલ જેમાં MIXED GOODS (PARCHURAN) માલ બિલ, ઈ-વે બિલ વગર વહન થતો હતો. સદર માલ-સામાન કરચોરીના ઈરાદાથી વહન થઈ રહેલ હોય ડીમાન્ડ ઓર્ડર MOV-11 પસાર કરવામાં આવેલ. વેપારીશ્રી/ટ્રાંસપોર્ટર દ્વારા કન્વેયન્સ ફાઇન ભરીને વાહન મુક્ત કરાવેલ છે. પરંતુ સદર માલ હાલમાં સોહમ પાર્કિંગ, કડોદરા, સુરત ખાતે જપ્ત કરેલ છે. આ માલ GGST ACT-૨૦૧૭ અને CGST ACT-૨૦૧૭ ની કલમ-૧૩૦ અન્વયે જપ્ત કરેલ છે. ઉક્ત વિગતેનો માલ જે કોઈપણ વ્યક્તિ/પેઢી/કંપનીનો હોય તેઓએ આ જાહેરાતના દિન-3માં માલની માલિકી અંગેના પુરાવા સાથે નીચે સહી કરનાર સમક્ષ હાજર થવા. જણાવવામાં આવે છે. આ જાહેરાતના દિન-3માં ઉક્ત માલનો જો કોઈ હક-દાવો કરવામાં નહી આવે તો, GGST ACT-૨૦૧૭ અને CGST ACT-૨૦૧૭ ની કલમ ૧૩૦ હેઠળ જાહેર હરાજીની આગળની કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવામાં આવશે.

સ્થળઃ સુરત
તા. ૨૩/૦૯/૨૦૨૬
ક્રમાંકઃ માહિતી-સુરત/૬૩૭/૨૦૨૬

એન. વી. દેસાઇ
રાજ્ય વેરા અધિકારી (3),
સુરત મોબાઇલ સ્કવોડ,
અન્વેષણ, વિભાગ-૭, સુરત.